**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# લોકડાઉનની ગ્રામીણ સમાજ પર અસરો

## ડૉ. શ્રીધર નિમાવત

આસિસ્ટન્ટ પ્રોફેસર,
મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત, ૩૯૫૦૦૭.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**Abstract:**

'કોવિડ 19'ને વિશ્વમાં હાકાર મચાવ્યો છે. આ મહામારી લગભગ 100 વર્ષ બાદ સ્પેનિશ ફ્લુ બાદ જગતમાં આવી છે. અલબત્ત માનવ ઇતિહાસમાં નજર કરીએ તો વિવિધ પ્રકારની મહામારીઓ ભૂતકાળમાં આવેલી હતી અને લાખો લોકોએ પોતાના જીવ ગુમાવેલા. ભૂતકાળમાં ઓરી, અછબડા, કોલેરા, મેલેરીયા, ટાઇફોડ, શીતળા, કોલેરા, પ્લેગ ટી.બી. જેવા જીવલેણ રોગોએ લાખો લોકોના જીવ લીધા છે. ૨૦મી સદીમાં વિજ્ઞાન, ટેક્નોલોજી, મેડિકલ સાયન્સમાં ખૂબ જ પરિવર્તન આવ્યું છે. આમછતાં 'કોવિડ 19'ની મહામારીએ વિશ્વના લાખો લોકોનો જીવ લીધો છે. આ રોગ ખૂબ જ ચેપી છે અને સંપર્ક આવનાર વ્યક્તિને તુરંત સંક્રમીત કરે છે. કોરોના વાઇરસ ઉધરસ, છિંક તથા માનવ સંપર્કને કારણે સતત ફેલાતો રહે છે. કોઇને ઉધરસ કે છિંક કે આવે અને તેનામાં ચેપ હોય તો તેના ડ્રોપલેટ્સ દ્વારા બીજા વ્યક્તિના શરીરમાં પ્રવેશે છે. આ સંક્રમણને અટકાવવા સરકારે કેટલાક કડક નિર્ણયો લેવા પડ્યા છે. જેમાં લોકડાઉન, કર્ફ્યુ, સામાજીક, ધાર્મિક તથા રાજકીય મેળાવડાઓ પર પ્રતિબંધ, સામાજીક અંતર જાળવવું વગેરે મુખ્ય છે.

અમેરીકા, ઇટાલી, સ્પેન, ફ્રાંસ, બ્રિટન, જેવા સમૃદ્ધ તથા વિકસિત દેશોએ સમયસર ઉચિત પગલાં ન લેવાના કારણે મોટાપાયે લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારતમાં પણ કોરોના મહામારીની અસર શરૂ થઈ પરંતુ ભારત સરકારે 'કોવીડ 19'ની ભયંકર અસરમાંથી બચવા લોકડાઉનનો સહારો લીધો. કારણ કે ભારત જેવા વિશાળ અને અતિ ગીચ દેશમાં જો સંક્રમણ ફેલાય તો તેને અંકુશમાં કરવું ખૂબ જ મુશ્કેલ બની જાય. લાખો લોકો યોગ્ય સારવારના અભાવે મૃત્યુ પામે કેમકે, વિકસિત દેશોની સરખામણીમાં આપણા દેશમાં હજુ આરોગ્યલક્ષી સુવિધઓ પ્રાથમિક કક્ષાએ છે. તેથી ભારતમાં કોરોનાની અસર નાબૂદ કરવા અને સંક્રમણ ફેલાતું અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા 25 માર્ચ, 2020ના રોજ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની ઘોષણા કરી. આ લોકડાઉનના કારણે ભારત જેવો વિશાળ દેશ અચાનક થંભી ગયો. લોકડાઉનની સૌથી મોટી અસર વેપાર, ઉદ્યોગ, શિક્ષણ અને આર્થિક ક્ષેત્ર પર થઈ.

લોકડાઉનને કારણે લોકો જાત-જાતની મુશ્કેલીઓ અનુભવતા હતા અને તેમાં પણ ગ્રામીણ ક્ષેત્રના લોકો વિશિષ્ટ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. લોકડાઉનને કારણે ગ્રામીણ લોકો કેવા કેવા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તે જાણવા માટે આ શોધપત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસની પધ્ધતિ :**

પ્રસ્તુત સંશોધન કરવા માટે સરળતા આધારિત નિદર્શન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. માહિતી પ્રાપ્તિ માટે ગુગલ ડોક્સ પર એક બહુ વિકલ્પ અને કેટલાક મુક્ત પ્રશ્નોવાળી એક અનુસૂચી તૈયાર કરવામાં આવેલી. આ અનુસૂચીને સંશોધક પાસે ઉપલબ્ધ વોટ્સએપ સંપર્ક નંબર પર તેની લીંક મોકલવામાં આવેલી. આ લીંક ઓપન કરી તેમા પોતના પ્રતિભાવો આપવા જણાવેલું. આ પ્રતિભવો આપવા માટે એક

નિશ્ચિત સમય આપવામાં આવેલો. આ સમય દરમ્યાન મારી પાસેના સંપર્ક મોબાઇલ નંબરો ઉપરાંત ઉત્તરદાતા પાસેના સંપર્ક નંબરો પાસેથી પ્રતિભાવો મેળવવામાં આવ્યા હતા. આ અભ્યાસનો મુખ્ય હેતુ ગ્રામીણ સમાજ પર લોકડાઉનની કેવી અસરો પડી તે જાણવાનો હતો. પ્રાપ્ય પ્રતિભાવોમાંથી શહેરી વિસ્તારના ઉત્તરદાતાના અને કેટલાક અધૂરા પ્રતિભાવો દૂર કરવામાં આવ્યા હતા ત્યારબાદ કુલ ૨૧૦ ગ્રામીણ લોકો કે જેમણે પૂર્ણ પ્રતિભાવો આપ્યા હતા. આ પ્રતિભાવોનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેશણ કરી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ અભ્યાસ મે, 2020 ના લોકડાઉન દરમ્યાન હાથ ધરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના ૨૨ જીલ્લાના કુલ ૨૧૦ ગ્રામીણ ઉત્તરદાતાઓએ પોતાના પ્રતિભાવો આપ્યા છે. પ્રત્યુત્તર આપનારા કુલ ઉત્તરદાતામાંથી ૬૯% અનુસ્નાતક (PG) અને ૧૮.૬% સ્નાતક છે એટલે કે, આ સંશોધનમાં પ્રતિભાવો આપનારા મોટાભાગના ઉચ્ચશિક્ષણ ધરાવતા મહીતીદાતાઓ છે, જેમના પ્રતિભાવોનું વિશ્લેષણ અત્રે કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો** :

મહામારી, કોવીડ 19, લોકડાઉન, કર્ફ્યુ, સામાજીક અંતર, ગ્રામીણ સમાજ, બેરોજગારી, આવકમાં ઘટાડો, વંચિત સમુદાય.

**અભ્યાસના હેતુઓ** :

1. ગ્રામીણ સમુદાયના લોકોને લોકડાઉન દરમ્યાન પડેલી મુશ્કેલીઓ જાણવી.
2. લોકડાઉન દરમ્યાન ગ્રામીણોની આવકમાં શું ફરક પડ્યો તે જાણવુ.
3. ગ્રામીણ ખેડૂતોને આર્થિક નુકશાન કેટલું થયું તેની જણકારી મેળવવી.

**માહિતીનું વિશ્લેષણ અને પરિણામો** :

ઉત્તરદાતાઓમાંથી સૌથી વધુ 61% લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે. આ બાબત પણ અહીં બહુ સ્વભાવિક છે કે, ભારતીય ગ્રામીણ સમાજનો રોજગારીનો મુખ્ય આધાર આજે પણ ખેતી, પશુપાલન અને તેને સંલગ્ન વ્યવસાયો છે.

આ મહામારીના સમયમાં સૌથી વધુ મુશ્કેલીઓનો સામનો ગ્રામીણ લોકોને કરવો પડ્યો છે કારણ કે ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારીના સાધનો માર્યાદિત છે. ખેતી અને તેના સંલગ્ન વ્યવસાયો મુખ્ય છે અને આજે પણ વરસાદ આધારીત ખેતી વધુ થાય છે. સિંચાઇની સુવિધાઓ ખૂબ માર્યાદિત છે. ગ્રામીણ સમુદાયોમાં ગરીબો અને વંચિતો વધુ જોવા મળે છે. લોકડાઉન દરમ્યાન સમગ્ર દેશ એકસાથે થંભી ગયો. જેથી સમગ્ર દેશમાં અગત્યની સેવાઓ સિવાય તમામ પ્રવૃત્તિ અને સેવાઓ, વ્યવસાયો બંધ કરી દેવામાં આવ્યા. વાહન

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

વ્યવહાર બંધ થઈ જવાથી ખેડૂતોને ખેત ઉત્પાદન બજાર સુધી પહોંચાડવા મુશ્કેલી ઊભી થઈ. આ બધી પરિસ્થિતિથી ગ્રામીણ સમુદાય પર તેની આર્થિક રીતે કેવી અસર પડી તે જાણવુ સૌથી અગત્યનું હતું.

આર્થિક નુક્સાનના મૂલ્યાંકન માટે અહીં પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે, લોકડાઉનના કારણે આપના કુટુંબની આવકમાં કેટલા લોકોમાં ફરક પડ્યો ? આ પ્રશ્નના ઉત્તરમાં 68.8% લોકોની પોતાના કુટુંબની આવકમાં ઘટાડો થયો છે તેવું સ્પષ્ટ જણાવ્યું છે. જે ઉત્તરદાતાઓ છે તેમાંથી સૌથી વધુ 61% લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે. ખેતી કરતા સૌથી વધુ લોકોની આવક ઘટી છે તેવું આ અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે. ખેતી અને તેમાં પણ ખાસ કરીને ફળ અને શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને સૌથી વધુ નુકશાન સહન કરવું પડ્યું છે, કારણ કે લોકડાઉનને કારણે ખેડૂત ખેત ઉત્પાદન બજાર સુધી પહોંચાડવા નિષ્ફળ રહ્યો છે, અથવા માર્કેટમાં પહોંચવા છતાં તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. અત્રે અભ્યાસમાં ગ્રામીણ ઉત્તરદાતા પાસેથી જાણવા મળ્યું છે કે શાકભાજીની ખેતી કરતા ખેડૂતોને તેના ઉત્પાદનના પર્યાપ્ત ભાવ મળતા નથી અને બીજી તરફ શહેરના ઉપભોકતાઓને શાકભાજી ખૂબ મોંઘા મળી રહ્યા છે. અહીં ખૂબ મોટી વિસંગતતા છે કારણ કે ખેડૂતો જે ઉત્પાદન કરે છે તે ખૂબ ઝડપથી નાશ પામે તેવા પ્રકારનું છે. ઉત્તરદાતાઓ પાસેથી મળતી માહિતી મુજબ ખેડૂત પોતે મોટા માર્કેટમાં પોતાનું ઉત્પાદન વેચવા સીધો જતો નથી. કારણ કે તેના ઉત્પાદનનો જથ્થો એટલો મોટો નથી હોતો કે શહેરોના મોટા માર્કેટમાં એ જાતે વેચવા માટે જઇ શકે. આવા સંજોગોમાં ખેડૂત સ્થાનિક વેપારીને પોતાનો માલ વેચે છે અને તે વેપારી આવા અનેક ખેડૂતો પાસેથી માલ ખરીદીને શહેરોના મોટા બજારોમાં વેચે છે. લોકડાઉન દરમ્યાન ખેડૂત જ્યારે વેપારીને પોતાનું ઉત્પાદન વેચવા જાય છે ત્યારે વેપારી ખેડૂતને તેનું ઉત્પાદન માર્કેટમાં વેચાશે તો જ પૈસા મળશે અન્યથા મળશે નહીં તેવું જણાવે છે કારણ કે લોકડાઉનને કારણે ખેત ઉત્પાદનનું વેચાણ ખૂબ જ ઘટી ગયું હતું. મોટા ભાગે વાહન-વ્યવહારના અભાવે ઉત્પાદન બજાર સુધી પહોંચતું નથી પરિણામે ખેત ઉત્પાદન ખરાબ થઇ જાય છે અને ફેંકી દેવું પડે છે. આ તમામ સંજોગોમાં આર્થિક નુકશાન સહન કરવાનો વારો ખેડૂતનો જ આવે છે. એક તરફ ખેડૂતોનો માલ વેચાતો નથી અને બીજી તરફ શહેરના લોકોને મોંઘા ભાવે ખેત ઉત્પાદનો મળે છે. જ્યાં સુધી આ વિસંગતતા દૂર નહીં થાય ત્યાં સુધી ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળશે નહીં.

ખેડૂતોને પોતાની માસિક આવાક કેટલી ઘટી તે અંગે પ્રશ્નનાં ઉત્તરમાં માહિતી મળી કે, ખેડૂતોની લોકડાઉનના કારણે આવક 500 સુધી થી લઈને 50,000 રૂપિયા સુધીની ઘટી છે. જેને આંકડાઓ પ્રમાણે જોઇએ તો 5,000 રૂપિયા સુધીનું માસિક નુકશાન થયું હોય તેવા ખેડૂતોની સંખ્યા 35.70% છે. 5,001 થી 10,000 સુધી રૂપિયા સુધીનું માસિક નુકશાન થયું હોય તેવા ખેડૂતોની સંખ્યા 16.26%, તેમજ 10,001 થી 15,000 રૂપિયા સુધીનું માસિક નુકશાન થયું હોય તેવા ખેડૂતોની સંખ્યા 8.13% છે, 15,001 થી 20,000 રૂપિયા સુધીનું માસિક નુકશાન થયું હોય તેવા ખેડૂતોની સંખ્યા 9.90% અને 20,001 થી વધુ રૂપિયા સુધીનું માસિક નુકશાન થયું હોય તેવા ખેડૂતોની સંખ્યા 30% જોવા મળી છે. ટૂંકમાં, અભ્યાસ દ્વારા એવું સ્પષ્ટ કહી શકાય કે,

ગ્રામીણ કક્ષાએ લોકડાઉનની સૌથી વધુ અસર ખેડૂતોને થઇ છે. આવક ઘટવા પાછળના મુખ્ય કારણોમાં વાહન-વ્યવહારની સુવિધાનો અભાવ મુખ્ય હતો. જેને કારણે ખેડૂતો ખેત ઉત્પાદન બજાર સુધી પહોચાડી શક્યો નહીં.

તદ્દપરાંત ૧.૫% ગ્રામીણોની આવકમાં વધારો પણ થયો હોવાનું પણ જણાયું છે. અહીં માત્ર ૧.૫% લોકોની આવક લોકડાઉનના સમયમાં વધી છે તે અંગેના કારણો જાણવા પણ જરૂરી છે. આ સંખ્યા ભલે નાની હોય પણ તેને સમજવી ખૂબ જરૂરી છે. કેમ કે ગ્રામીણ ક્ષેત્રે મોટા ભાગના લોકોની આવક ઘટી છે અથવા તો સ્થિર છે ત્યારે આ લોકોની આવક કેવી રીતે વધી ? અભ્યાસ દ્વારા જાણવા મળ્યું કે ખેડૂતોને વેપારી પાસેથી પોષણક્ષમ ભાવો નથી મળતા ત્યારે આ ખેડૂતોએ પોતાનું ઉત્પાદનનુ વેચાણ સીધું જ ઉપભોકતાઓને વેચાણ કર્યું તેથી તેમને વેપારીઓને આપવું પડતું કમીશન હવે આપવુ પડ્યું નહીં તેથી તેમની આવકમાં વધારો થયો જોવા મળે છે. ગ્રામીણ વિસ્તારના અન્ય ખેડૂતોએ પણ આ પ્રકારે પોતાના ઉત્પાદનો સીધા ઉપભોકતાઓને વેચીને શોષણમાંથી મુક્ત થવું જોઇએ. ખેત ઉત્પાદનનું મૂલ્ય સંવર્ધન કરીને તેને બજારમાં મૂકી વધુ આવક મેળવવા પ્રયત્નશીલ બનવું જરૂરી છે.

અભ્યાસમાં જે 31.7% લોકોની આવકમાં કોઇ વધારો કે ઘટાડો નથી થયો કે જેમની આવક સ્થિર છે તેવા મોટાભાગના લોકો નોકરી કે અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા છે તેમજ અમુક ખેડૂતો પણ છે પરંતુ તેઓ ખેતીમાં એવા પ્રકારના પાકનું ઉત્પાદન કરે છે કે તેને તાત્કાલીક વેચવાની જરૂર નથી કે તેનો સંગ્રહ પણ કરી શકાય છે, જેવા કે શેરડી, ડાંગર વગેરે. આવા તમામ લોકોની આવક લોકડાઉનના સમયમાં પણ સ્થિર રહી છે.

કોરોના મહામારી દરમ્યાન શહેરી અને ગ્રામીણ તમામ લોકો વિવિધ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે દરેક લોકોની મુશ્કેલીઓ અલગ અલગ હોઈ શકે. આપણે અહીં ગ્રામીણ સમુદાય પર સંશોધન કરી રહ્યા છીએ ત્યારે ગ્રામીણ લોકો કેવા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તે પ્રશ્ન કરતા સૌથી વધુ મુશ્કેલી 63.70% લોકો જણાવે છે કે, તેમનું ખેત ઉત્પાદન માર્કેટ સુધી પહોચતું નથી અને પરિણામે તેમને આર્થિક નુકશાન પહોંચી રહ્યું છે. જે ખેડૂતોએ દિવસરાત મહેનત કરીને જે ઉત્પાદન મેળવ્યું છે તેના વેચાણની મોટી સમસ્યા લોકડાઉનને કારણે ઊભી થઇ ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓ પડી છે, કારણ કે તેમનું ઉત્પાદન નશ્વિત છે અને જો ટૂંક સમયમાં બજાર સુધી ન પહોંચે તો તે ખરાબ થઈ જાય છે. આ ઉત્પાદનોને લાંબો સમય જાળવી રાખવા માટેના સંસાધનોનો વિકાસ હજુ આપણા દેશમા પૂરતા પ્રમાણમાં થયો નથી. ખેત ઉત્પાદનો પર પ્રક્રિયા કરીને તેનું મૂલ્ય સંવર્ધન થઈ શકે, પરંતુ આ ક્ષેત્રમાં આપણો દેશ હજુ ખૂબ જ પ્રાથમિક તબક્કામાંથી પસાર થઇ રહ્યો છે. જો કોઇ ખેડૂતોનો માલ બજાર સુધી પહોંચી જાય તો પણ તેમને તેના પોષણક્ષમ ભાવો મળતા નથી. આમ આજની પરિસ્થિતિમાં ગ્રામીણ ક્ષેત્રે જગતનો તાત સૌથી વધુ મુશ્કેલીમાં હોય તેવું જણાઈ રહ્યું છે.

દરેક ગ્રામીણ ઉત્તરદાતાઓને આપ અત્યારે કેવા પ્રકારની મુશ્કેલીનો સામનો કરી રહ્યા છો ? આ એક મુક્ત સવાલ પૂછવામાં આવેલો ત્યારે આ અંગે ખૂબ વિવિધ અને રોચક પ્રત્યુત્તરો પ્રાપ્ત થયા હતા. કુલ 210

ઉત્તરદાતાઓમાંથી 45.10% ઉત્તરદાતા જણાવે છે કે, જીવન જરૂરી વસ્તુઓ મળતી નથી. જરૂરી સામાન લેવા માટે આજુ-બાજુના મોટા ગામ કે તાલુકા સ્થળે જવું પડતું હોય છે. અનાજ કરીયાણાની દુકાનોમાં સાબુ, તેલ અને અન્ય જરૂરી સામાન લેવા માટે જવું પડે છે પણ લોકડાઉન હોવાના કારણે વાહન વ્યવહાર બંધ છે તેથી જીવન જરૂરી વસ્તુઓ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

અભ્યાસમાં એવું જાણવા મળ્યું છે કે કુલ 210 ઉત્તરદાતાઓમાંથી 34.80% લોકોને પોતાનું કે પોતાના સંતાનોનું શિક્ષણ બાધીત થઈ રહ્યું છે અને તેના કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. મહામારીને કારણે તમામ શિક્ષણ સંસ્થાઓ જેવી કે, શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ વગેરે બંધ કરી દેવામાં આવ્યાં છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય બાકી હતું, પરીક્ષાઓ બાકી છે, હજુ નવા સત્રના પ્રવેશ નથી થયા. આ બધા શૈક્ષણિક પ્રશ્નોને કારણે ગ્રામીણ લોકો મુશ્કેલી અને ચિંતા અનુભવી રહ્યા છે.

લોકોના જીવનમાં આરોગ્યનું ખૂબ જ મહત્વ છે અને આપણા દેશની જનસંખ્યાના પ્રમાણમાં આરોગ્યની સુવિધાઓનો વિકાસ ખૂબ જ પ્રાથમિક તબક્કામાં છે. આરોગ્યલક્ષી સારવાર માટે તાલુકા કે જિલ્લા મથક સુધી જવું પડે છે. લોકડાઉનને કારણે જનજીવન સ્થિર થઇ ગયું છે, વાહન વ્યવહાર બંધ થઈ ગયો છે, મોટા ભાગના ખાનગી દવાખાનાઓ બંધ છે. પ્રશાસન દ્વારા પણ જરૂરી ન હોય ત્યાં સુધી સામાન્ય બિમારીઓની સારવાર લેવા માટે ન આવવા જણાવ્યું છે. મોટાં સરકારી હોસ્પીટલો કોરોનાની સારવારમાં સંકળાયેલા છે ત્યારે ગ્રામીણ લોકોને સારવારમાં કે આરોગ્યની સુવિધાઓ મેળવવા માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેવું જણાવનારા ઉત્તરદાતાઓની સંખ્યા 16.20% જોવા મળે છે.

લોકડાઉનના કારણે રાતોરાત એક સાથે બધું બંધ થઇ ગયું અને ધબકતું જીવન અચાનક સ્થિર થઈ ગયું. જે લોકો જ્યાં હતા ત્યાં રહી ગયા કારણ કે કોરોનાનું સંક્રમણ અટકવવા લોકડાઉન જરૂરી હતુ. ગ્રામીણ વિસ્તારના લોકોની વધુ એક મુશ્કેલી એ સામે આવી છે કે, તેમના કુટુંબના કેટલાક સભ્યો લોકડાઉનને કારણે કોઇકને કોઇક જગ્યાએ પોતના વતન કે ઘરથી દૂર ફસાઇ ગયા હતા. સ્વજનો રોજગારી, શિક્ષણ કે બીજા અન્ય કારણોને કારણે પોતના ઘરથી દુર અન્ય સ્થળો પર હતા અને અચાનક સરકાર દ્વારા લોકડાઉનની જાહેરાત કરવામાં આવતા તેમના સ્વજનો કોઇને કોઇ જગ્યાએ પોતના ઘરથી દૂર થઈ ગયા હતા. આવી પરિસ્થિતિને કારણે પોતે સતત ચિંતિત કે માનસિક તાણમાં રહે છે. આવી મુશ્કેલીનો સામનો કરવા વાળા ઉત્તરદાતાઓની સંખ્યા 15.70% છે. ગ્રામીણ સમુદાયના લોકોના કુટુંબના સભ્યો અન્ય વિસ્તારમાં ખેતી, મજૂરી, નોકરી કે રોજીરોટી કમાવા માટે પોતાના વતનથી દૂર ગયેલા સભ્યો લોકડાઉનને કારણે અન્ય સ્થળ પર ફસાઈ ગયેલા હોવાના કારણે તેઓ સતત તેમની ચિંતામાં રહેવાની મુશ્કેલી પણ અનુભવી રહ્યા હોવાનું જણાવે છે.

તદ્પરાંત કુલ 210 ઉત્તરદાતાઓમાંથી 18.10% લોકો એવા છે, જે પોતાને કોઇપણ પ્રકારની મુશ્કેલી ન હોવાનું જણાવે છે. કુલ 210 ઉત્તરદાતાઓમાંથી અમુક ઉત્તરદાતઓ એવા છે તેને ઉપર જણાવેલ મુશ્કેલીઓ સિવાયની કેટલીક વિશિષ્ટ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે જેમાં મુખ્યત્વે 31.90% ઉત્તરદાતાઓ

એવા છે જેમને કોઇને કોઇ પ્રકારનું વ્યસન છે અને તેમના આ વ્યસનોને કારણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વ્યસનો જેવાકે પાન, માવા, તમાકુ, બીડી, સિગારેટ, ગુટકા, દારૂ વગેરે વસ્તુઓ લોકડાઉનને કારણે મળતી ન હોવાથી સતત બેચેની અનુભવે છે તેમજ તેઓ આ વ્યસનોની વસ્તુના અભાવે માનસિક તાણ અને હતાશા અનુભવે છે. ઘણા લોકો અહીં એવું પણ જણાવે છે કે વ્યસન હોય તેવી વસ્તુના ઘણા લોકો કાળાબજાર કરી રહ્યા છે અને વધુ ભાવ લઈને લોકોની મજબુરીનો આવા લોકો ખોટો ફાયદો તેઓ ઉઠાવી રહ્યા છે અને સરકારે આવા કાળાબજારીઓ ઉપર પગલા ભરવા જોઇએ. અહી એક મહાશય એવી પણ સલાહ આપે છે કે સરકારે આવી વસ્તુઓ જેવી કે પાન, માવા, ગુટકા, તમાકુ, બિડી અને સીગરેટનું ઑનલાઇન વેચાણ કે સસ્તા અનાજની દુકાનો દ્વારા રાહતદરે વેચાણ કરવું જોઇએ અથવા આ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી જોઇએ.

કુલ 210 ઉત્તરદાતાઓમાંથી 17.30% લોકો એવા છે જેને લોકડાઉનને કારણે આખો દિવસ ઘરે બેસી રહેવું ગમતું નથી. પહેલા તેઓ મુક્ત મને ગમે તે જગ્યાએ હરી ફરી શકતા હતા પરંતુ હવે એવું શક્ય બનતું નથી, તેથી તેઓ માનસિક તનાવ અનુભવે છે. આ પણ એક પ્રકારની મુશ્કેલી હોવાનું ગ્રામીણો જણાવે છે.

કુલ 210 ઉત્તરદાતાઓમાંથી 7.20% લોકો એવા પણ છે જેની રોજીરોટી છીનવાઈ ગઇ હોવાથી તેઓ બેકાર બની ગયા છે. સાથે પોતાના પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરશે અને પોતાના કુટુંબનો જીવનનિર્વાહ કેવી રીતે કરશે તે અંગે સતત ચિંતીત છે. હવે જ્યારે લોકડાઉન ખુલશે ત્યારે નવું કામ શોધવું પડશે આ પણ એક પ્રકારની મુશ્કેલી તેઓ અનુભવે છે. આવી પરિસ્થિતિના કારણે તેમની નાણાકીય પરિસ્થિતિ ખૂબ જ નાજુક બની ગઈ હોવાનું જણાવે છે.

'કોવિડ 19'ની મહામારીને કારણે કુલ 210 ઉત્તરદાતાઓમાંથી 13.40% વિદ્યાર્થીઓને એવી ચિંતા વ્યક્ત કરે છે કે તેમનું વર્ગખંડનુ શિક્ષણ પૂર્ણ થઈ ગયું છે પરંતુ તેની પરીક્ષા બાકી છે. પરીક્ષા ક્યારે થશે તે નક્કી નથી. પરીક્ષાની તૈયારી કરવા વાંચવા બેસે છે ત્યારે કોરોનાની મહામારીના વિચારો આવ્યા કરે છે અને તેને કારણે તેઓ અભ્યાસ પર ધ્યાન કેંદ્રીત કરી શકતા નથી. આ પરિસ્થિતિમાં તેમને કશું યાદ રહેતું નથી એવું તેઓ પોતાની મુશ્કેલીનું વર્ણન કરતા જણાવે છે.

લોકડાઉનના કારણે પશુનું દાણ, ખોળ અને રાસાયણીક ખાતરની ખરીદીમાં મુશ્કેલી પડી રહી હોવાનુ કુલ 210 ઉત્તરદાતાઓમાંથી 20.70% ઉત્તરદાતાઓ જણાવે છે. જો કે આ અભ્યાસ થયો ત્યારે પ્રથમ લોકડાઉન વખતે આ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો પરંતુ ત્યાર પછી સરકાર દ્વારા તેમાં છૂટછાટ મળતાં તેમની આ મુશ્કેલીનો અંત આવ્યો હતો. અમુક થોડાક ઉત્તરદાતાઓ આ વર્ષે ખેતીમાં કોરોના મહામારીને કારણે નુકશાન જવાના કારણે તેમના લગ્ન થવાના હતા તે હવે કદાચ ન થઇ શકે અથવા તો હાલની પરિસ્થિતિ જોતાં મુલત્વી રાખવા પડશે તે બાબતને લઈને ચિંતામાં હોવાનું પોતાની મુશ્કેલીમાં જણાવ્યું છે.

આ પરિસ્થિતિમાં તમારી અને તમારા કુટુંબની તબિયત વિશે તમે સતત ચિંતિત રહો છો ? એવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં અધધ કહી શકાય એવા 99.50% ઉત્તરદાતાઓ એવું જણાવે છે કે પોતે પોતાના અને

પોતાના કુટુંબના આરોગ્યને લઇને સતત ચિંતામા રહે છે અને તેના કારણે સતત માનસિક તાણમાં રહે છે. આ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર ગણી શકાય કારણ કે વ્યક્તિ જ્યારે સતત લાંબા સમય સુધી માનસિક તાણમાં રહે તો આવા વ્યક્તિઓ માનસિક બિમારીનો ભોગ બનવાની શક્યતાઓ રહેલી છે અથવા તો આવનારા સમયમાં માનસિક બિમારીના અસંખ્ય કેસો ગ્રામીણ વિસ્તારોમાંથી આવવાની સંભાવનાઓ રહેલી છે એવું આ આંકડાઓ પરથી ફલિત થાય છે.

**અભ્યાસના તારણો :**

આ અભ્યાસના મુખ્ય તારણો નીચે મુજબ છે.

1. ભારતમાં કોરોનાની અસર ખાળવા અને સંક્રમણ ફેલાતું અટકાવવા કેન્દ્ર સરકાર દ્વારા ૨૫ માર્ચ, ૨૦૨૦ના રોજ રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની ઘોષણા કરી.
2. આ અભ્યાસમાં ગુજરાતના ૨૨ જીલ્લાના કુલ ૨૧૦ ગ્રામીણ ઉત્તરદાતાઓએ પોતાના પ્રતિભાવો આપ્યા.
3. પ્રત્યુત્તર આપનારા કુલ ઉત્તરદાતામાંથી ૬૯% અનુસ્નાતક અને ૧૮.૬% સ્નાતક છે.
4. કુલ ૬૮.૮% લોકોની પોતાના કુટુંબની આવકમાં ઘટાડો થયો છે. આ ઉત્તરદાતાઓ પૈકી ૬૧% લોકો ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલા છે.
5. કુલ ૩૧.૭% લોકોની આવકમાં કોઇ વધારો કે ઘટાડો નથી.
6. કુલ ૬૩.૭૦% લોકો જણાવે છે કે, તેમનું ખેત ઉત્પાદન બજાર સુધી પહોચતું નથી અને પરિણામે તેમને આર્થિક નુકશાન પહોંચી રહ્યું છે.
7. કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૪૫.૧૦% ઉત્તરદાતા જણાવે છે કે, જીવન જરૂરી વસ્તુઓ મળતી નથી.
8. કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૩૪.૮૦% લોકોને પોતાનું કે તેમના સંતાનોનું શિક્ષણ બગડી રહ્યું છે તેના કારણે પોતે ચિંતિત હોવાનું જણાવે છે.
9. લોકડાઉનની જહેરાત કરવામાં આવતા તેમના સ્વજનો કોઇને કોઇ જગ્યાએ પોતના ઘરથી દૂર ફસાઇ ગયા હોવાના કારણે પોતે ચિંતિત છે તેવું જણાવતા ઉત્તરદાતાઓની સંખ્યા ૧૫.૭૦% છે.
10. આ ઉપરાંત કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૧૮.૧૦% લોકો એવા છે, જે પોતાને કોઇપણ પ્રકારની મુશ્કેલી ન હોવાનું જણાવે છે.
11. કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૧૭.૩૦% લોકો એવા છે જેને લોકડાઉનને કારણે આખો દિવસ ઘરે બેસી રહેવું ગમતું ન હોવાનું જણાવે છે.
12. કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૭.૨૦% લોકો એવા પણ છે જેમની રોજીરોટી છીનવાઈ ગઇ હોવાથી તેઓ બેકાર બની ગયા છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

13. કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૧૩.૪૦% વિદ્યાર્થીઓને વર્ગખંડનાં શિક્ષણમાં વિક્ષેપ થતું હોવાના કારણે ચિંતિત હોવાનું જણાવે છે.
14. લોકડાઉનનાના કારણે પશુનું દાણ, ખોળ અને રાસાયણીક ખાતરની ખરીદીમાં મુશ્કેલી પડી રહી હોવાનું કુલ ૨૧૦ ઉત્તરદાતાઓમાંથી ૨૦.૭૦% ઉત્તરદાતાઓએ જણાવ્યું છે.
15. કુલ ઉત્તરદાતા પૈકી ૯૯.૫૦% ઉત્તરદાતાઓ એવું જણાવે છે કે, પોતે પોતાના અને પોતના કુટુંબના આરોગ્યને લઇને સતત ચિંતામાં રહે છે અને તેના કારણે સતત માનસિક તાણમાં રહે છે.

**સુચનો** :

1. ભારત ગામડાનો બનેલો વિશાળ દેશ છે અને દેશની મહત્તમ વસ્તી ગમડામાં વસે છે તેમજ ગ્રામીણ સમુદાયનો પ્રશ્નો અને સમસ્યાઓ પણ અલગ છે તેથી સરકારે ગ્રામીણ સમુદાય પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.
2. ગ્રામીણ ક્ષેત્રમાં આરોગ્યલક્ષી સુવિધાઓ વધુ સઘન બનાવવાની જરૂર છે.
3. ગ્રામીણ ક્ષેત્રમાં રોજગારી અને સ્વરોજગારીના અવસર પ્રાપ્ત કરાવવાની જરૂર છે.
4. ગ્રામીણ ક્ષેત્રમાં સ્વચ્છતા તથા આરોગ્યલક્ષી બાબતોમાં વધુ જાગૃત કરવાની જરૂર છે.
5. ગ્રામીણ ક્ષેત્રના લોકોને ખાતર, વીજળી, કૃષિ સાધનો અને જંતુનાશક દવાઓ ઉપલબ્ધ કરાવવામાં મદદ કરવી જોઇએ.
6. ગ્રામીણ ક્ષેત્રના ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનના પૂરતા અને પોષણક્ષમ ભાવો મળે અને વચેટીયાઓમાંથી મુક્તિ અપાવવી જોઇએ.
7. ખેડૂતોને નુક્શાન થાય ત્યારે તેમને પર્યાપ્ત વળતર મળવું જોઇએ.
8. ગ્રામીણ ક્ષેત્રમાં આજે પણ આ મહામારીના સમયમાં સામાજીક, રાજકીય અને ધાર્મિક પ્રસંગોપાત લોકોના મેળાવડાઓનું આયોજન થાય છે જેને ટાળવા જોઇએ.

ટૂંકમાં, ગ્રામીણ સમાજમાં જાગૃતિ આવે અને વર્તમાન સમયમાં સંયમ રાખી કોવિડ પ્રોટોકોલનું સૌ પાલન કરે તો ભવિષ્યમાં લોકડાઉનની જરૂર નહીં પડે. સરકારને પણ આર્થિક નુકશાનની ચિંતા હોય છે પરંતુ આપણા સમાજમાં લોકોમાં વિદેશના લોકોની જેમ સમજ અને શિસ્ત ધરાવતા નથી જે સૌથી મોટો ચિંતાનો વિષય છે. કોવિડ 19 માંથી કેટલાક પાઠો માનવીએ શીખવાની જરૂર છે.